## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મેમ, ભણવા-ભણાવવાની ચિંતા ન કરો.... અમે પણ નથી કરતા... ફી ભરવાની ચિંતા તમને હોવી જોઈએ અને લેવાની અમને...!!

# કુડાસણ-વાવોલમાં વીજ ધાંધિયા

## એક તરફ અંગ દઝાડતી ગરમી અને બીજી તરફ ગમે ત્યારે લાઈટ ડુલ થતા નાગરીકો ઉંઘમાંથી સફાળા જાગી જાય છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ તેમજ વાવોલ ગ્રામ્ય વિસ્તારમાં વિજ ધાંધીયાથી રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. એક તરફ અંગ દઝાડતી ગરમી અને બીજી તરફ ગમે ત્યારે લાઈટ ડુલ થતા નાગરીકો ઉંઘમાંથી સફાળા જાગી જાય છે. જયારે નાના બાળકો અને વડીલોની સહિત દર્દીઓની હાલત દયનીય બની જવા પામે છે. તો બીજી તરફ જીઈબીના કર્મચારીઓ પણ વિજલાઈનમાં ખામી સર્જાતા કુડાસણ-વાવોલની વચ્ચે દોડાદોડી કરતા નજરે પડે છે.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો દિવસે દિવસે વધતો જાય છે. હવે તો રાત્રે પણ ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે શહેરીજનો ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શહેરમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. અંગ દઝાડતી ગરમીમાં નગરજનો બહાર જવાનું ટાળે છે. નાગરીકો કામ હોય તો જ નીકળે છે. જયારે બપોરના સમયે તો નગરના માર્ગો સુમસામ બની જાય છે. ગરમીથી બચવા માટે નાગરીકો રોજ નિતનવા નુસખા અપનાવે છે. જયારે મોટાભાગના નગરજનો એસી, કુલર, પંખા ઓન કરીને ઘરમાં જ પુરાઈ રહીને ગરમીથી રાહત મેળવે છે.વીજળીના ધાંધિયાથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. નાના બાળકો તેમજ વડીલોની હાલત દયનીય બની જવા પામે છે. તેવા સમયે અચાનક લાઈટ જતા ભર નીંદરમાંથી સફાળા નાગરીકો ઉઠી જાય છે. ગરમીથી પસીને રેબઝેબ થઈ જાય છે અને કંટાળી જાય છે. કુડાસણ-વાવોલમાં વારંવાર વીજળી ખોટકાય છે. સતત ચાલુ રહેતા એસ અને પંખાને પગલે વિજ લાઈન પર પણ ઓવર લોડ સર્જાતા આ સ્થિતિ સર્જાય છે. જેનો પગલે નાગરીકોનો જીઈબીના કર્મચારીઓ આવે અને રીપેર કરે ત્યાં સુધી ગરમીમાં બેસવુ પડે છે. ત્યારે જીઈબીના કર્મચારીઓને પણ વારંવાર મળતી ફરિયાદને પગલે કુડાસણ-વાવોલ વચ્ચે દોડાદોડી કરવી પડે છે. કુડાસણ-વાવોલ ન્યું શહેરી વિસ્તારમાં લાઈટ ખોટકાતા નગરજનો,સહિત દુકાનદારો, વેપારીઓની હાલત પણ કફોડી બની જવા પામે છે.ત્યારે લાઈટના ધાંધિયાનો કાયમી ઉકેલ આવે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

# 'જલ્સા સ્ટ્રીટ'માં શહેરનું યૌવન હિલોળે ચડ્યું





ગાંધીનગરના હાર્દ સમા ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ પાર્કની બાજુમાં ફરી એકવાર રવિવારની વહેલી સવારે યોજાયેલી 'જલ્સા સ્ટ્રીટ'માં શહેરનું યૌવન મદમસ્ત બની હિલોળે ચઢયું હતું. ડીજે તાલે એરોબિક્સ અને ઝુમ્બા સાથે હિન્દી-ગુજરાતી ફિલ્મી સંગીતમાં યુવાનો મન મુકીને ઝુમ્યા હતા તથા રંગબેરંગી ચોક દ્વારા રોડ પેઈન્ટિંગનો આનંદ ઉઠાવ્યો હતો. આજે સવારે વાતાવરણમાં પવનની હાજરી, ઓછી હોવાથી ઉકળાટનો માહોલ હોવા છતાં 'જલ્સા સ્ટ્રીટ'માં યુવાનોએ ભરપુર સ્ટ્રીટ ડાન્સ કર્યો હતો અને પરસેવે રેબઝેબ થઈ વિવિધ મુદ્રામાં 'સેલ્ફી' લેવાની મોજ પણ માણતા નજરે ચઢયા હતા.

# સંગીતમય સ્મરણ સાથે સેવકોનું સન્માન કરાયું




ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના દવે ગૃપ ટયુશન દ્વારા તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સાથે સમાજના સાચા સેવકોના સન્માન અને હિન્દી ફિલ્મોના નવા-જુના ગીતો સાથે ડાન્સ પરફોર્મન્સનો અનોખો કાર્યક્રમ 'સ્વીટ જર્ની' શનિવારે રાત્રે ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વર્ષો જુના મિત્રો ફરી એકઠાં થઈને ધીંગામસ્તી કરવા સાથે જુની યાદો વાગોળવાના ભાવવાહી દશ્યો સર્જાયા હતા.

શિક્ષણ-સ્મરણ-સન્માનના ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે સમાજમાં રોજબરોજ સેવા આપતા સેવકોનું સન્માન કરાયું હતું. આ સેવકોમાં સ્મશાનમાં રહી ચિતામાં લાકડા ગોઠવવાની સેવા આપતા વિક્રમભાઈ તથા તેમનો પરિવાર, સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ પછી બોડી સીવવાનું કાર્ય ૩૦ વર્ષથી કરતું યુગલ ઉષાબેન અને વિનોદભાઈ, નર્મદા કેનાલમાંથી ડૂબતાને બચાવવા ઉપરાંત ડેડબોડી કાઢવાની સેવા આપતા જયેશ કોટવાલ, શહેરમાં આગ સમયે બુઝાવવા ધસી જતા ચીફ ફાયર ઓફિર મહેશ મોડ તેમજ ચરેડી વોટર વર્કસ પરથી દરરોજ પરોઢિયે પાણી પુરવઠો ચાલુ કરી શહેરને પાણી પુરું પાડવાનું કાર્ય કરતા હર્ષદભાઈ જોષીનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે 'જીવનના ઘડતરમાં માણસાઈના ગુણો પ્રવેશે તેવું કાર્ય પરેશ દવે એ સમાજના આ પાંચ સેવકોનું સન્માન કરીને કર્યું છે, આ કાર્યના વિચારને વંદન કરું છું, પરશે દવેએ આ સાથે સાચા શિક્ષક બનીને દેખાડયું છે.'

સ્વીટ જર્ની કાર્યક્રમમાં દવે ગૃપ ટયુશનના વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓએ એકથી એક ચઢિયાતા ડાન્સ પરફોર્મન્સ કર્યા હતા. આ કાર્યક્રમમાં જુના નવા ગીતોનો રસથાળ ભાવિક રાવલ ઓરકેસ્ટ્રા દ્વારા પીરસવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના મુકેશભાઈ શુકલ એ પણ તેમનો કંઠ રજૂ કરી સૌને દંગ કર્યા હતા.

## અમદાવાદમાં યોજાઈ બીટ પ્લાસ્ટિક પોલ્યુશન મીની મેરેથોન

ગાંધીનગર, તા. ૩

પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, વધુ પડતા પ્લાસ્ટિકના વપરાશથી અત્યારે પર્યાવરણને અતિશય નુકશાન થઈ રહ્યું છે તેના દ્વારા ફેલાતાં પ્રદૂષણને નાથવાના તમામ પ્રયાસો રાજ્ય અને કેન્દ્ર સરકાર કરી રહી છે.

અમદાવાદમાં યોજાયેલ બીટ પ્લાસ્ટિક પોલ્યુશન મીની મેરાથોનને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારે એ.ઇ.એસ. ગ્રાઉન્ડ ખાતેથી ફ્લેગ ઓફ કરાવ્યું હતું. આ મેરાથોન સમાજના લોકોને પર્યાવરણ જાગૃતિ અંગેનો સંદેશ આપવાના આશયથી યોજવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, રોજબરોજના ઉપયોગમાં લોકો પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરે અને તેના દ્વારા પર્યાવરણને થતું નુકસાન અટકાવવા માટે ભાગીદાર બને.મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો થાય તેનો પુનઃ વપરાશ અને રીસાઈકલ થઈને ફરી ઉપયોગમાં આવે તે માટેના આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. દરેક નાગરિક પર્યાવરણ અંગે જાગૃત બનીને પોતાના વિસ્તાર રાજ્ય અને દેશના સ્વચ્છતા અભિયાનમાં સ્વયં ભાગીદારી નોંધાવે તેવું આહવાન તેમણે કર્યું હતું.

# રાજનીતિમાં વંશવાદ સર્વત્ર છે, કોઈ પાર્ટી બાકાત નથી : હા, બેચરલની વાત જુદી છે

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**

રાજનિતીમાં પરિવારવાદ એ કોમન બાબત છે. મજબૂત, લોકપ્રિય અને ધનાઢ્ય પરિવારોમાં વંશવાદ ચાલે છે. કોંગ્રેસમાં જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી એમ એક પછી એક સભ્યએ કોંગ્રેસની ધુરા સંભાળી છે. ભાજપમાં પણ એવા ધારાસભ્યો અને સંસદસભ્યો છે કેમાં વંશવાદ અપનાવવામાં આવેલો છે. આશ્ચર્યજનક બાબત એવી છે કે દેશની આ બન્ને પાર્ટીઓ ઉપરાંત અન્ય પાર્ટીઓમાં પણ પરિવારવાદ છે. શિવસેનામાં બાલ ઠાકરે પછી ઉદ્ધવ ઠાકરે અને તેમના પછી તેમનો પુત્ર વારસ બનશે. એનસીપીમાં શરદ પવાર પછી તેમની દિકરી, આરજેડીમાં લાલુપ્રસાદ પછી તેજસ્વી, એસપીમાં મુલાયમ પછી અખિલેશ યાદવ, જેડીએસમાં દેવગૌંડા પછી તેમનો પુત્ર, ટીએમસીમાં મમતા પછી તેમની સ્નેહી અને ડીએમકેમાં સ્ટાલીનનો પુત્ર સુપ્રિમો થશે. જો કે પરિવારવાદ જેટલો કોંગ્રેસમાં છે તેટલો અન્ય પાર્ટીમાં નથી. સચિવાલયમાં એક ઓફિસરે કહ્યું હતું કે પાર્ટીમાં વંશવાદ રોકવો હોય તો બેચરલ વ્યક્તિને પાર્ટી પ્રેસિડેન્ટ બનાવવા જોઈએ. કોંગ્રેસમાં હજી વાંધો નથી કારણ કે રાહુલની પેરેરલ પ્રિયન્કા તૈયાર છે. ભાજપમાં તો ટોચના પદ વંશવાદમાં મળતા નથી. જો તેમ હોત તો ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ લાલકૃષ્ણ અડવાણીની પુત્રી પ્રતિભા પાર્ટી પ્રેસિડેન્ટ બની ચૂકી હોત. ભાજપ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હાવી છે તેથી આવું શક્ય નથી.

**શાળા પ્રવેશોત્સવ પહેલાં બદલીઓ નિશ્ચિત...**

ગુજરાત સરકારમાં જળસંચય અભિયાન પછી વહીવટી તંત્રમાં ફેરફારો તોળાઈ રહ્યાં છે. ઘણાં લાંબા સમયથી આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની બદલીઓ થઈ નથી તેથી મુખ્યમંત્રી વિજય રૂપાણી હવે 'મિશન ટ્રાન્સફર'ના મોડ પર આવી શકે છે. સચિવાલયમાં સિનિયર અધિકારીઓએ ફેબદલની આશા છોડી દીધી છે, કારણ કે 'બદલીઓ આવે છે...'ના ભણકારા વચ્ચે મુખ્યમંત્રી જળસંચય અભિયાનમાં પરોવાઈ ગયા હતા. હવે તેઓ મુક્ત થયા છે. રાજ્યના પોલીસ વડાએ તો પાંચ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારીઓ તેમજ અધિકારીઓની બદલીનો નિર્ણય લઈને કામગીરી શરૂ કરી દીધી છે ત્યારે હવે મુખ્યમંત્રી પણ ત્રણ કે તેથી વધુ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ઓફિસરોની ટ્રાન્સફર કરવા માગે છે. ચર્ચાય છે કે બ્યુરોક્રેસીના રિસફલ માટે હાઈકમાન્ડની લીલીઝંડી મળી ચૂકી છે. જૂન મહિનાના મધ્યમાં શૈક્ષણિક સત્ર શરૂ થતું હોઈ અને શાળા પ્રવેશોત્સવ અભિયાન પહેલાં સરકાર તેના અને કર્મચારીઓના હિતમાં સચિવાલય તેમજ પોલીસ વિભાગમાં સામૂહિક ફેરબદલ કરે તેમ મનાય છે.

**પાંચ વર્ષમાં ઘણું બદલાઇ ચૂક્યું છે...**

ગુજરાતમાં ભાજપની સરકારનો રંગ ઉતરતો જાય છે ત્યારે લોકસભાની અડધો-અડધ બેઠકો ગુમાવવાની દહેશત વચ્ચે ગુજરાત પ્રદેશ એકમ અને સરકારને ૨૬ બેઠકોનો ટારગેટ આપવામાં આવ્યો છે. આ મિશનના મુખ્ય સૂત્રધાર વિજય રૂપાણી છે. ગુજરાતમાં તેમનું નેતૃત્વ છે તેથી પાર્ટીને તેમની ઉપર મોટી આશા છે. વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને જે નુકશાન થયું છે તેને સરભર કરવાની જવાબદારી પણ તેમના માથે છે. બીજી તરફ પ્રદેશ કોંગ્રેસમાં નવું લોહી આવ્યું હોવાથી ભાજપની ધડકન વધી રહી છે. વિપક્ષના નેતા પરેશ ધાનાની અને પાર્ટીના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા પણ લોકોના પ્રશ્નો રજૂ કરી સરકારને ભિડવવાની પેરવી કરી રહ્યાં છે. કોંગ્રેસને વિધાનસભામાં મળેલી બેઠકો જોતાં તેમના ફાળે લોકસભાની ઓછામાં ઓછી ૧૦ થી ૧૨ બેઠકોમાં સફળતા મળે તેમ છે, જો કે સૌથી મોટું ફેક્ટર વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. ગુજરાતી પ્રાઈમ મિનિસ્ટર હોવાના કારણે ગુજરાતની જનતા તેમને વધુ પસંદ કરી શકે છે પરંતુ એ માનવું ભૂલભરેલું છે કે રાજ્યમાં ૨૦૧૪નો માહોલ ચાલી રહ્યો છે. પાંચ વર્ષમાં ઘણું બદલાઈ ચૂક્યું છે.

> **ગુજરાતમાં ૨૦૧૪ની લોકસભા ચૂંટણી જેવો માહોલ છે તેવું માનવું ભૂલભરેલું છે**

**પેટ્રોલની આગ થી MP-MLA પણ પરેશાન...**

પેટ્રોલ અને ડીઝલની આગથી રાજ્યના સંસદસભ્યો અને ધારાસભ્યો પરેશાન છે. મતવિસ્તારમાં તેમને લોકોના પ્રશ્નોના જવાબ આપવા કઠીન પડી રહ્યાં છે. લોકસભાના સભ્યોની હાલત તો વધારે કફોડી બની છે. હાલ કોઈ ચૂંટણી નથી તેથી સરકાર પેટ્રોલિયમ પેદાશોના ભાવ ઘટાડવાના મૂડમાં નથી પરંતુ વર્ષના અંતે આવતી વિધાનસભાની ચૂંટણી પહેલાં કેન્દ્રને ભાવઘટાડાની ફરજ પડી શકે છે. મોદી સરકારના મંત્રીઓ કહી રહ્યાં છે કે આ પેદાશોને જીએસટી હેઠળ લાવવામાં આવે તો પેટ્રોલ અને ડીઝલ સસ્તા મળશે. હાલ આ બન્ને ફ્યુઅલ પર ૫૫ ટકાથી વધારે ટેક્સ છે જે જીએસટી હેઠળ આવતાં જ ૨૮ ટકા થઈ જશે. એટલે કે હાલના ભાવમાં ૫૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. કેન્દ્રના નાણામંત્રાલયને આ બાબત પોસાય તેવી નથી, કેમ કે સરકારી તિજોરી પર બોજ પડે છે. અરૂણ જેટલીએ કહ્યું હતું કે કેન્દ્ર જો માત્ર એક રૂપિયો એક્સાઈઝ ઘટાડે તો તિજોરીને ૧૩૦૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થાય છે. ગુજરાત સરકાર વર્ષે પેટ્રોલ અને ડીઝલના વેટ પેટે ૭૦૦૦ કરોડ રૂપિયા કમાય છે તેથી રાજ્ય પણ વેટ ઘટાડવા તૈયાર નથી.

> **ભાઇ હમણાં ભારતમાં કોઇ ચૂંટણી નથી તેથી પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં ઘટે**

**મંત્રીઓના પરફોર્મન્સનું ચેકીંગ થતું નથી...**

ગુજરાત સરકારના અધિકારીઓના પરફોર્મન્સનું ચેકીંગ થાય છે પરંતુ મંત્રીઓના પરફોર્મન્સનું ચેકીંગ થતું નથી. મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી હતા ત્યારે તેઓ કેબિનેટમાં વિભાગની માહિતી એકત્ર કરતા હતા અને વિભાગના મંત્રી, અધિકારી તેમજ વિભાગના અધિકારીઓ મોડે સુધી રોકાઈને પ્રેઝન્ટેશન બનાવતા હતા પરંતુ વિજય રૂપાણીની સરકારમાં મંત્રીઓ મારફતે આવું પ્રેઝન્ટેશન થતું નથી. વિભાગના અધિકારીઓ પાસેથી જવાબ માગવામાં આવે છે પરંતુ મંત્રીઓ પાસેથી કોઈ વસૂલાત થતી નથી. એક ઈન્ટરનલ સર્વે પ્રમાણે રાજ્યના ૧૧ જેટલા મંત્રીઓ તેમના વિભાગની કામગીરીમાં અત્યંત નબળાં છે. સૌથી વધુ એક્ટિવ મંત્રીઓમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને પ્રદિપસિંહ જાડેજાનો ક્રમ આવે છે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ ઓફિસમાં બેસીને તેમના વિભાગની કામગીરીમાં ૮ કલાકથી વધારે સમય આપે છે તો મુખ્યમંત્રી વિજય રૂપાણી સફર કરીને સરકાર અને પાર્ટીના મેસેજને જિલ્લા સુધી લઈ જાય છે. કેબિનેટમાં બધી ચર્ચા થાય છે પરંતુ મંત્રીઓના પરફોર્મન્સની બાબતમાં રૂપાણી હજી એક્ટિવ બન્યા નથી. એડમિનિસ્ટ્રેશનમાં જોઈએ તો રાજ્યના ચીફ સેક્રેટરીના માથે મોટો ભાર છે.

**પ્લાસ્ટીક ફ્રી સ્ટેટનું શું થયું? CM સાહેબપ**

હજી તો ગયા વર્ષે જ મે મહિનામાં પ્લાસ્ટીક ફ્રી ગુજરાતનો નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લીધો હતો. રાજ્યને પ્લાસ્ટીક મુક્ત બનાવવાનો આ નારો હતો પરંતુ સરકાર પાસે મેનપાવરની અછતના કારણે તેનો અમલ થઈ શક્યો નથી. વિશ્વ પર્યાવરણ દિન ૫મી જુલાઈએ છે. યુએનની થીમ બીટ પ્લાસ્ટીક ફ્યુચર છે. ગુજરાત સરકારે પણ આ સ્પેશ્યલ ડે ઉજવવા માટે પ્લાસ્ટીક ફ્રીનો નારો આપ્યો છે. સચિવાલય, શોપીંગ મોલ્સ, સિનેમાગૃહ, બગીચા, સબ્જી માર્કેટ, અભ્યારણ્યો, જાહેર માર્ગો, નદી-નાળાં અને તળાવો, સમુદ્ર, રાજ્યના યાત્રાધામો અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ન થાય તે જોવાની તકેદારી સરકારની જ નહીં પ્રત્યેક વ્યક્તિની છે. આપણા પાડોશી દેશ મહારાષ્ટ્રને પ્લાસ્ટીક ફ્રી બનાવી દેવાયું છે અને પ્લાસ્ટીકના ઉપયોગ બદલ કડક દંડ રાખવામાં આવ્યો છે પરંતુ ગુજરાતમાં સબ્જી માર્કેટ સિવાય ક્યાંય દંડ લેવાતો નથી.

સરકારે કડકાઈથી આ સૂચનાનું પાલન કરવું જોઈએ. ખાસ કરીને પાનના ગલ્લે સૌથી વધુ પ્લાસ્ટીકનો ઉપયોગ થાય છે તેથી અમલીકરણ આ જગ્યાએથી થવું જોઈએ.

**સરકારના વિભાગો-- બહુત નાઇન્સાફી હૈ યે...**

રાજ્યના કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ સંજય પ્રસાદ પાસે ત્રણ વધારાના ડિપાર્ટમેન્ટનો હવાલો છે. તેઓ લેબર અને એપ્લોયમેન્ટ, સંસદીય બાબતો અને પાર્લામેન્ટરી અફેર્સ પણ જુએ છે. બીજી તરફ વિપુલ મિત્રા અને એ.કે.રાકેશ પાસે કેપેસિટી કરતાં ઘણાં નબળાં ડિપાર્ટમેન્ટનો હવાલો છે. આવતા મહિને વયનિવૃત્ત થતાં એમ.એસ.ડાંગુર હાલ હોમ અને પોર્ટ ઉપરાંત નર્મદા વિભાગનો હવાલો સંભાળે છે ત્યારે મહોમ્મદ શાહિદ અને સંદીપકુમાર પાસે પોસ્ટીંગ નથી. અરવિંદ અગ્રવાલ કે જેઓ ફોરેસ્ટ અને એનવાયર્નમેન્ટ ઉપરાંત ફાયનાન્સનો વધારાનો હવાલો સંભાળે છે. સંગીતાસિંઘ કે જેઓ સિવિલ સપ્લાયના અધિક મુખ્ય સચિવ છે તેઓ જીએડીનો તેમજ મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી એમ.કે.દાસ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સનો હવાલો સંભાળે છે. એવું નથી કે ગુજરાત સરકાર પાસે ઓફિસરોની અછત છે. દિલ્હી ડેપ્યુટેશન પર ભલે ૨૨ ઓફિસરો હોય ગુજરાતમાં આ વધારાના હવાલા અધિકારીઓ પર ભારણ વધારે છે. અધુરામાં પુરૂં હોય તેમ સરકારના ચાર આઈએએસ મનીષા ચંદ્રા, કે.કે.નિરાલા, સંદીપકુમાર અને શાહમીના હુસેન લાંબી ટ્રેઈનિંગ ટૂર પર જઈ રહ્યાં છે.

> **ઓફિસરોની અછત નથી પણ ડઝન વિભાગો વધારાના હવાલાથી ચાલી રહ્યાં છે**

**પોલીસમાં પ્રમોશન, થોડી રાહ જુઓ...**

ગુજરાતના પોલીસ અધિકારીઓના પ્રમોશન ઘણાં સમયથી ડ્યુ છે પરંતુ હવે તેનો અંત આવી રહ્યો છે. ડીપીસીએ ડીઆઈજી, આઈજી અને એડીજીપી રેન્કના ઓફિસરોના પ્રમોશન ક્લિયર કર્યા છે. પ્રમોશન અને ટ્રાન્સફર ઓર્ડર ટૂંક સમયમાં આવી શકે છે.